# માણસાની ગેસ એજન્સીના વહીવટથી શહેરીજનો પરેશાન

માણસા, તા. ૨૬

માણસાની એકમાત્ર અને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ચાલતી ગેસ એજન્સીની મનમાનીથી શહેર તથા તાલુકાના ગેસ ધારકો ત્રાહિમામ પોકારી ગયા છે અને અહીં કાયમી એજન્સીની નિમણુંકની માંગ કરી રહ્યા છે અને જો આ પ્રશ્નનો ત્વરિત ઉકેલ નહિ આવે તો વિધાનસભાની ચૂંટણીમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડશે તેવું લાગી રહ્યું છે.

માણસામાં કાયમી એજન્સી રદ થયા બાદ નવી એજન્સી આવે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે અર્થ ગેસ એજન્સીના સંચાલકોને અહીં વ્યવસ્થા માટે મૂકવામાં આવ્યા છે પરંતુ આ લોકો દ્વારા માણસા શહેર અને તાલુકામાં હોમ ડીલીવરી કરવામાં આવતી નથી જેથી ગ્રાહકોએ સવારથી જ લાઈનમાં ઉભા રહેવું પડે છે અને ઘણી વખત સીલીન્ડર મેળવ્યા વિના પણ પરત જવું પડે છે ત્યારે વૃધ્ધોની હાલત કફોડી બને છે અહીં સીલીન્ડર લેવા આવનાર ગ્રાહક પાસેથી પણ એજન્સી દ્વારા હોમ ડીલીવરી ચાર્જ વસુલવામાં આવતો હોવાની બૂમ ઉઠવા પામી છે અને હવે કે.વાય.સી.ના ફોર્મ ભરાતા હોઈ તેમાં પણ મફત મળતા ફોર્મના બે રૂપિયા અને ફોર્મ ભરવાના દશ રૂપિયા લેવાતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારે ફકત પોતાના સ્વાર્થ ખાતર અને નફો રળવાની વૃત્તિ રાખનાર આ સંચાલકો ખસેડી કાયમી એજન્સી આપવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે અને જો આ સમસ્યાઓનો તાકીદે ઉકેલ નહિ આવે તો ગત પેટા ચૂંટણીની જેમ આ વખતે પણ શહેરીજનો ચૂંટણી બહિષ્કારનું શસ્ત્ર ઉપાડશે તેવું લાગી રહ્યું છે.



## ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં છપ્પનભોગ માટે તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં દેવ દિવાળીને બુધવારે ભગવાનને છપ્પન ભોગ ધરાવવામાં આવશે. આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. છપ્પન ભોગના મુખ્ય યજમાન તરીકે ભીખુભાઈ ભીમજીભાઈ અટારા ધર્મ લાભ લેશે તથા બ્રહ્માકુમારી જ્યોતિબેન - ખેડબ્રહ્મા દિપપ્રાગટ્ય કરી છપ્પનભોગને ભાવિક ભક્તોના દર્શન માટે સવારે ૧૧ કલાકે ખુલ્લો મુકશે. વડોદરા જિલ્લાના સાવણી ગામના દ્વારકાધીશ મંદિરના મુખીયાજી હરીશભાઈ આર. રાયગોર છપ્પનભોગની મીઠાઈઓ તથા વિવિધ વાનગીઓ હવેલી મંદિરની મર્યાદાઓ મુજબ તૈયાર કરી ભગવાનને ધરાવશે. છપ્પન ભોગની તૈયારીઓ માટે મંદિરના ટ્રસ્ટીઓ સમિતિના સભ્યો તથા પૂજારી જશુભાઈ પંડ્યા જહેમત ઉઠાવી રહ્યા છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# બનાસકાંઠાના સરકલા ગામના યુવાનનું હિંમતનગર સિવિલમાં સારવાર દરમિયાન મોત

## યુવાનને રવિવારની રાત્રીના ગામમાં ચાર ઈસમોએ છાતીના ભાગે છરીના ઘા ઝીંક્યા હતા

હિંમતનગર, તા. ૨૬

બનાસકાંઠાના સરકલા ગામે રવિવારના સામાજિક પ્રસંગે પૂર્ણ કરી ઘરે આવતા યુવકની ગામના તેમજ અને બહારનો એક મળી ચાર ઈસમોએ અગમ્ય કારણોસર છાતીના ભાગે છરી મારી ગંભીર રીતે ઘાયલ કરેલ જેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે સિવિલના ડોક્ટરે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વિગત મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના સરકલા ગામે રવિવારે ગામમાં મરણ થયેલ તેની ૧૨માની વિધિ માટે સમાજ એકઠો થયો હતો ત્યાંથી પ્રસંગ પૂર્ણ કરી રાત્રીના સમયે ગામના ૩૫ વર્ષીય કાનજીભાઈ સાંકળાભાઈ ગમાર તેમની પત્ની મીનાબેન બંને સાથે ઘરે આવી રહ્યા હતા ત્યારે અચાનક ચાર ઈસમોએ કાનજીભાઈને ધક્કો મારી પાડી દઈ ગામના ત્રણ અને બહારનો એક મળી ચાર જણાએ તેની પત્નીની સામે જ પતિ કાનજીભાઈને છરીના ઘા છાતીમાં ઝીંકી દીધા હતા ત્યાર બાદ આ ગંભીર ઈજાગ્રસ્ત કાનજીભાઈને પરિવારજનો અંબાજી લઈ ગયેલ જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે પાલનપુર જવા માટે કહેલ પરંતુ પરિવારજનો જીપમાં કાનજીભાઈને લઈને આવતા હતા ત્યારે જીપ અચાનક રસ્તામાં બંધ થઈ જતા ૧૦૮ ને જાણ કરેલ જેથી ૧૦૮ દ્વારા ગંભીર ઈજાગ્રસ્ત યુવકને વડાલી સરકારી દવાખાને લાવેલ અને વડાલીથી વધુ સાવાર માટે સોમવારના રોજ વહેલી સવારે ૫.૨૦ વાગે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા. જયઈ સારવાર ૧૧.૪૫ વાગે દરમિયાન આ યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક કાનજીભાઈ ગમાર લગ્નજીવનમાં પત્ની મીનાના કોખે બે બાળકો અને ચાર બાળકીઓ મળી ૬ સંતાનો હતા. આ અંગે સિવિલના ડોક્ટર વિપુલ જાનીએ જણાવેલ કે હિંમતનગર સિવિલમાં આજે વહેલી સવારે છાતીના ભાગે ડાબી સાઈડ છરીના ઘા ઝીકેલ બનાસકાંઠાના સરકલા ગામના યુવાન કાનજીભાઈ સાંકળાભાઈ ગમારને ૧૦૮થી લાવ્યા હતા. જેનું સાડા પાંચ કલાક બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરવામાં આવી હતી. પોલીસે પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી.

# તલોદના મોઢુકા ગામની શાળામાં કમ્પ્યૂટર સાધન સામગ્રી ચોરાઈ

તલોદ, તા. ૨૬

તલોદ તાલુકાના મોઢુકા ગામમાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં દિવાળી વેકેશનનો લાભ લઈ કેટલાક ચોર ઈસમોએ આશરે ૧૨ હજારથી વધુની કોમ્પ્યુટરની સાધન સામગ્રી લઈ ફરાર થઈ ગયા હતા. જે અંગે ઈ.આચાર્યની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આવેલ મોઢુકા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ગત રોજ સાંજના સુમારે કેટલાક ઈસમોએ દિવાળી વેકેશનની રજાઓનો લાભ ઉઠાવી મુખ્ય શિક્ષકના દરવાજાનો નકૂચો તોડી તેમાં પ્રવેશ કર્યો હતો અને અંદર પડેલા બે સીપીયુ, એક મોનીટર તથા અન્ય નાની-નાની કોમ્પ્યૂટરની સાધન સામગ્રી મળી કુલ ૧૨,૬૦૦ સાધનસામગ્રી લઈ પલાયન થઈ ગયા હતા ચોરી અંગેની જાણ ઈન્ચાર્જ આચાર્યને થતા તેઓએ તાત્કાલિક તલોદ પોલીસ મથકમાં કરતા પોલીસે આ ચોરીનો ગુનો નોંધી ચોર ઈસમોને શોધી કાઢવા દોડધામ શરુ કરી છે.

## હિંમતનગર ખાતે ટપાલ વિભાગની લોક અદાલત યોજાશે

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા પોસ્ટને તેમજ પેન્શનને લગતા પ્રશ્નોના નિકાલ માટે હિંમતનગર મુકામે લોક અદાલત યોજાશે.

હિંમતનગર સ્થિત પોસ્ટ ઓફિસના પહેલા માળે વિભાગીય કાર્યાલયમાં તારીખ ૨૭ ડિસેમ્બર-૨૦૧૨ના રોજ ૧૧ કલાકે લોક અદાલતનું આયોજન કરવામાં આવનાર છે. આ અદાલતમાં ખાસ કરીને ટપાલ, રજિસ્ટર્ડ, મનિઓર્ડર, પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેન્ક, નાણાંકીય ગોલમાલ તથા પેન્શનને લગતા પ્રશ્નો ચર્ચામાં લેવામાં આવશે. આ લોક અદાલતમાં નિતિવિષયક મુદ્દા સિવાયના પ્રશ્નો અધિક્ષક ડાક ઘર, સાબરકાંઠા વિભાગ હિંમતનગરને તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

# ઊંઝામાં પરંપરાગત કાર્તિકી પૂનમનો લોક મેળો યોજાશે

ઊંઝા, તા.૨૬

ઉત્તર ગુજરાતના સુપ્રસિધ્ધ તીર્થસ્થળ અને માતૃગયા તરીકે જાણીતા સિધ્ધપુર ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરંપરાગત રીતે કાર્તિકી પૂનમના રોજ કાત્યોકનો લોક મેળો યોજાશે.

અત્રે સરસ્વતી યાને કુંવારકા નદીના પટમાં કાર્તિકી પૂનમના રોજ ભરાતા મેળામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટે છે અને પૂનમની રાત્રે સરસ્વતી નદીમાં રચાતા ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને, માતૃ તર્પણ કરીને ધન્યતા અનુભવે છે. પવિત્ર કુંવારકા નદીમાં પૂનમની રાત્રે ગંગા યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનું અનેરું મહત્વ છે. જેથી દેશભરમાંથી યાત્રિકો અત્રે આવે છે. આ લોકમેળામાં ઊંટોનું મોટું બજાર નદીના તટમાં ભરાય છે. જેમાં ઊંટો અને ઘોડાઓની મોટી લે વેચ થાય છે. ખાસ કરીને રાજસ્થાનમાંથી ઘણા લોકો ઊંટની લે વેચ માટે આવતા હોય છે. ચાર પાંચ દિવસ સુધી ચાલનારા મેળામાં શેરડીનું પણ મોટા પાયે વેચાણ થતું હોય છે. સિધ્ધક્ષેત્ર સિધ્ધપુર દેવોનું મોસાળ ગણાય છે જેથી ધાર્મિક દૃષ્ટિએ તેનું સવિશેષ મહત્વ છે. આ લોકમેળા માટે નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. તેમજ મેળા અંગેની તૈયારીઓ પૂર્ણ થઈ ગયેલ છે. એસ.ટી. તંત્ર દ્વારા મેળાને અનુલક્ષીને એકસ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે.

# ખેડબ્રહ્મા ભૃગુઋષિના મંદિરે ભવ્ય લોકમેળો ભરાશે

ખેડબ્રહ્મા, તા. ૨૬

કારતક સૂદ પૂનમને બુધવારના રોજ ખેડબ્રહ્માના ત્રિવેણી સંગમ પર આવેલા ભૃગઋષિ મહાદેવના મંદિરે મોટો મેળો ભરાય છે. જેમાં હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે. અહીં ભિમાક્ષી નદીમાં માત્ર દેવદિવાળીએ જ પ્રગટતી ગંગાની ધારામાં સ્નાન કરી ભાવિકો ધન્યતા અનુભવે છે.

ઈડર સ્ટેટના પાંચ રત્નો ગણાય છે. જેમાં બ્રહ્માજી અને ભૃગુઋષિ મહાદેવ ખેડબ્રહ્મા તાલુકામાં બિરાજમાન છે. જયારે શામળાજી ભગવાન અને ભવનાથ મહાદેવ ભિલોડા તાલુકામાં આવેલ છે. દેવ દિવાળી એટલે કે કારતક સુદ પૂનમના દિવસો ભૃગુઋષિ મહાદેવના સાંનિધ્યમાં ભવ્ય લોક મેળો યોજાશે. આ મેળાનું ઐતિહાસિક મહત્વ છે. ખેડબ્રહ્મા શહેર ત્રણ નદીઓ હરણાવ કોસંબી અને ભિમાક્ષી નદીઓના સંગમ સ્થાન ઉપર વસેલું છે. ભિમાક્ષી નદીના કિનારે જીર્ણોધ્ધાર પામેલું ભૃગુઋષિ મહાદેવનું મંદિર દર્શન કરવા જેવું છે.

# સાબરકાંઠામાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં બેના મોત

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લામાં અલગ અલગ સ્થળોએ બે માર્ગ અકસ્માતના બનાવો બનતા બે વ્યક્તિના કરૂણ મોત નિપજવા પામ્યા હતા જે અંગે આંબલીયારા અને ધનસુરા પોલીસ મથકે જુદો જુદો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાયડ તાલુકાના જીતપુરથી આંબલીયારા હાઈવે પર ગત રોજ સાંજના પાંચ વાગ્યાના સુમારે ટ્રેક્ટર નં. જીજે ૧૭-ડી-૧૩૮૯ના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પૂર ઝડપે અને બેદરકારીભર્યું હંકારી સામેથી આવતા એક મોટરસાઈકલ જીજે-૯-સીડી-૩૩૨૭ને જોરદાર ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં મોટર સાઈકલ ચાલક કુલદિપસિંહ જગતસિંહ ચૌહાણ (રહે જાનપુર તા.બાયડ) ને ગંભીર ઈજાઓ થતા માર્ગમાં જ તેનું કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું જયારે ટ્રેક્ટર ચાલક ટક્કર મારી નાસી છૂટયો હતો. આ અકસ્માત સંદર્ભે મૃતકના પરિવારજન દિપસિંહ સૂરસિંહ ચૌહાણે આંબલીયારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં ધનસુરા તાલુકાના વડાગામથી આકરૂન માર્ગ પર પણ ડમ્પર ચાલકે એક ૪૫ વર્ષીય રાહદારી મહિલા જસીબેન દિપસિંહ રાઠોડને ટકકર મારતા મહિલાનું માર્ગમાં જ મોત નિપજયું હતું. આ બનાવ અંગે રણજીતસિંહ રાઠોડે ધનસુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસા નજીક ખેતરમાં પડેલ ટ્રેક્ટરની ઉઠાંતરી

ડીસા નજીક આવેલ એક ખેતરમાં પડેલ ટ્રેક્ટરની અજાણ્યા શખ્સો ઉઠાંતરી કરી ગયા હોવાની ફરીયાદના આધારે રૂરલ પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ડીસા-કોટ રોડ પર આવેલ એક ખેતરમાં પડેલ ટ્રેક્ટર (જીજે-૮ જે ૧૩૧૭ કિંમત રૂ. ૨ લાખ)ને રાત્રિ દરમિયાન કોઈ અજાણયા શખ્સો ઉઠાવી ગયા હતા. વહેલી સવારે આ બાબતની જાણ ખેતર માલિકને થતાં આજુબાજુમાં પુછતાછ હાથ ધરી હતી પરંતુ તેનો કોઈ પત્તો નહીં લાગતા પ્રભુભાઈ બબાભાઈ રાઠોડ (રહે. અનુપમ સોસાયટી, ડીસા) એ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો વિરુધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. ડીસા પંથકમાં ઠંડીનો ચમકારો વધતાં જ ચોરી સહિત અસામાજીક પ્રવૃત્તિઓએ માથુ ઉંચકતાં લોકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં મકાનની કિંમતમાં ૩% નો વધારો.
- ભવનાથ પેક : અઢી લાખ ભાવિકોની પરિક્રમા પૂર્ણ, તંત્ર ખડેપગે.
- રૂા. ૧૦ના સિક્કાનું ચલણ વધારાશે.
- ચૂંટણી પ્રચારની પરાકાષ્ઠા સમયે જ પૂરબહારમાં લગ્નગાળો.
- વાંકાનેર પાસે ચાલુ ટ્રેનમાં ધક્કામુક્કીથી ત્રણ વ્યક્તિ ફેંકાઇ ગયા, આગ્રાના કિષ્નાનું મોત.
- સરકારે દૂધ પાઉડર તથા અન્ય બનાવટની નિકાસ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લીધો.
- કચ્છમાં ૧૫૦૦૦થી ભીડ ઉમટી પડતાં રીષીકુમાર ગુસ્સે ભરાયો, શુટીંગ બંધ કરાવી દીધું.
- દેશમાં ડેગ્યુનો કાળો કેર, ૧૧ મહિનામાં ૨૧૬ જણાને ભરખી ગયો.
- સબસીડીના બદલીમાં કેસ, ગરીબો માટેની મહાયોજનાની જાહેરાત.
- ડાયબિટીસના દર્દીઓ માટે સપ્તાહમાં એક જ વખત લેવાની દવા શોધાઇ.
- બાંગ્લાદેશમાં ફેક્ટરીમાં ભીષણ આગ અને ફલાય ઓવર બ્રીજ તૂટતાં ૧૩૭ વ્યક્તિઓનાં મોત.
- ૯૨ વર્ષીય ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી આઇ.કે.ગુજરાલની તબિયત નાજૂક.
- એવોર્ડ કાર્યક્રમ માટે દીપીકા પાદૂકોણની સૌથી વધું માંગ.
- આજીવન કારાવાસનો અર્થ જીવનભર જેલ : સુપ્રિમકોર્ટ.
- પેટ્રોલમાં ૫ ટકા ઇથેનોલ ભેળવવાનું હવે ફરજિયાત બનશે.



(તસવીર : કાન્તિલાલ લોધા)

## ડીસામાં દેવ દિવાળી અને લગ્નસરાને લઈ બજારમાં ભીડ

ડીસા શહેરમાં દેવ દિવાળી અને લગ્નગાળાને લઈ બજારમાં ખરીદી અર્થે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે જેના કારણે ટ્રાફીક સમસ્યા જટીલ બની રહી છે. વહેલી સવારથી લઈ મોડી રાત સુધી શહેરમાં ખરીદી અર્થે આવતા લોકોની ભારે ભીડને લઈ વેપારીઓને ફરી એકવાર કમાણીની સીઝન ખુલી છે.

દિવાળીના તહેવારો પૂરા થતાં જ દેવ દિવાળી તેમજ લગ્ન ગાળો ખુલતા લોકો ખરીદી અર્થે શહેરમાં હમચી ખુંદી રહ્યા છે. દેવ દિવાળી નિમિત્તે લોકો મૃત સ્વજનોની પાછળ કારજ કરવાની વિધિ માટે સિધ્ધપુરના નદી તટમાં જાય છે ત્યાં કુંવાસીઓ તેમજ બ્રાહ્મણો તેમજ ગરીબને દાન દક્ષિણા કરી મૃતક સ્વજન પાછળ વિધિ તેમજ તેના આત્માને શાંતિ મળે તે માટે વૈદિક વિધિ સહીતની પ્રવૃત્તિઓ કરે છે. જયારે બીજી બાજુ લગ્નગાળો પણ ખુલતા અત્યારે જવેલર્સ, કરિયાણા, કાપડ, રેડીમેડ કપડાં, વાસણ સહિતની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

# પ્રાંતિજ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં

## ૧૭ ઉમેદવારી ફોર્મ વહેંચાયા

પ્રાંતિજ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ચૂંટણીનો માહોલ ધીમે ધીમે જામતો જાય છે. વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી સંદર્ભેની તમામ તૈયારીઓ થઇ ચૂકી છે. તાલુકાના વહીવટી સ્ટાફ દ્વારા ચૂંટણીના તમામ કર્મચારીઓને કામગીરીની તાલીમ તેમજ સમજ ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન શાહ તેમજ બકુલેશભાઈ દ્વારા આપવામાં આવી રહી છે.

ઉપરાંત મતદાન મથકોએ મતદારોને ઈવીએમ મશીનથી મત આપવાની તાલીમ તેમજ સમજ તંત્રના કર્મચારીઓ દ્વારા અપાઈ રહી છે.

૩૩ પ્રાંતિજ વિધાનસભામાં તલોદ-પ્રાંતિજ તાલુકાનો સમાવેશ થાય છે. ભાજપ-કોંગ્રેસના સંભવિત ઉમેદવારો માત્ર ચર્ચાઇ રહ્યા છે. પણ સત્તાવાર જાહેરાત નહીં થતા લોકો ભાજપ-કોંગ્રેસમાં નામોની ચર્ચાને શરતો લગાવવામાં આવી રહી છે. ભાજપ તરફથી સીટીંગ ઉમેદવારોમાં જયસિંહ ચૌહાણ નક્કી હોવાનું લોકો ચર્ચે છે. તા. ૧૯, ૨૦ નવેમ્બરે પીટીસી કોલેજમાં ચૂંટણી સંદર્ભેની તાલીમ યોજાઈ હતી.

પ્રાંતિજ તાલુકામાંથી અત્યાર સુધીમાં ૧૭ જેટલાં ધારાસભ્ય બનવા માટેના ફોર્મ વેચાઈ જવા પામ્યા છે પરંતુ એક પણ ફોર્મ પરત નહીં આવ્યું હોવાના સત્તાવાર સમાચારો છે.

લોકોમાં એવું ચર્ચાય છે કે મુખ્ય પત્ર કે હરીફો દ્વારા ફોર્મ ભરાય તે બરાબર છે પણ કેટલાક ચહેરા આર્થિક લાભ લઈ લેવા કે વટના માર્યા ગાજર ખાવા જેવા ખેલ થઈ ફોર્મ ભરે છે ને ફોર્મ ફી ૧૦,૦૦ તથા તમામ લેણાં ભરપાઈ કરીને ફોર્મ લઈ જઈ ઉમેદવારી કરે છે જેનાથી સરકારી લેણાંની વસુલાતો પણ થશે. ફોર્મ ફી. ૧૦,૦૦૦ તથા દસ્તાવેજી પુરાવા, એફીડેવીટ સહિતની માહિતી ફોર્મ ભરનારાઓ માટે શિરદર્દ સમાન છે ત્યારે ચૂંટણીનો તમામ સ્ટાફ અત્યારે તો ફોર્મ ભરનાર ઉમેદવારોની રાહ જોઈને ટેબલ પર બેઠા છે. પણ કોઈ જ મૂરતિયો ફોર્મ ભરીને નહીં આવતાં સ્ટાફ પણ કંટાળાની સ્થિતિમાં જણાઈ રહ્યો છે.